Permitted to Post at PSO-AHD : On every  Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

**THE ECONOMIC REVOLUTION**

**સ્ટોક માર્કેટ** અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સ[illegible]હિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

**Everythings that's on Money !!!**

● વર્ષ : ૭ ● અંક : ૦૭ ● તા. ૦૯.૦૨.૨૦૧૦ થી ૧૫.૦૨.૨૦૧૦ ● મહા વદ ૧૧ થી ફાગણ સુદ ૦૧ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## શનિવારના ડોઢ કલાકના સેશનમાં નિફ્ટી અને સેન્સેક્સે બતાવેલા ઉછાળાએ જગાવ્યો રોકાણકારોમાં આશાવદ

### શેર બજારની સમીક્ષા

નમસ્કાર મિત્રો,

ગત સપ્તાહ દરમ્યાન યુ.એસ. અને યુરોપિયન બજારમાં નકારાત્મક કારણોને કારણે વેચવાલીનો દોર શરુ થતાં ભારતીય શેર બજારમાં પણ વેચવાલીનો દોર ચાલુ રહ્યો હતો. બીએસઈનો સેન્સેકસ આંક ૧૫૯૧૫ અને એનએસઈનો નિફટી આંક ૪૭૫૭ પર બંધ રહ્યો હતો. ગત સપ્તાહ દરમ્યાન નિફટી ૨ ટકાથી વધારેનું કરેકશન આવ્યું છે.આ વેચવાલી આવવાના કારણમાં યુરોપના અમુક દેશો કે જેઓ બજેટની ખાધની જોગવાઈ કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

સોમવારે નિફટીનો આંક ૪૯૦૦ની સપાટી પાર કરીને ૪૯૧૯ સ્તર પર રહેવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ નિફટી આંક અંતે ૪૮૯૯.૭૦ બંધ રહ્યો હતો. નિફટીમાં મોટી વધઘટ જોવા મળેલ ન હતી. પરંતુ સ્મોલકેપ તેમજ મીડકેપમાં અનુક્રમે ૨૨૪ તેમજ ૧૧૮ પોઈન્ટની છલાંગ જોવા મળી હતી.

મંગળવારે નિફટી ફરીથી ૪૯૫૦ની સપાટી સર કરવામાં નિષ્ફળ ગઈ હતી. આરંભિક ઉછાળાનો લાભ લઈને નિફટીમાં મોટી વેચવાલી આવી હતી.આમ મંગળવારે નિફટી લગભગ ૭૦ પોઈન્ટની નરમાઈ સાથે બંધ રહી.

બુધવારે લંડન મેટલમાં તેજી આવવાની સાથે જ મેટલ સ્ટોકમાં ધૂમ લેવાલી જોવા મળી હતી. તદઉપાંત ખૂબજ મોટા પાયે શોર્ટ કવરિંગ જોવા મળેલ હતું. નિફટી લગભગ ૧૦૦ પોઈન્ટનો વધારો દર્શાવવામાં સફળ થયો હતો.

ગુરુવારે યુરોપના દેશો જેવા કે ગ્રીસ, સ્પેઈન અને પોર્ટુગલ જેવા દેશો બજેટની ખાધની જોગવાઈ કરવામાં નિષ્ફળ રહેવાના સમાચારે બુધવારે આવેલ ઉછાળો ગુરુવારે ધોવાઈ ગયો હતો. ગુરુવારે સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી અને નિફટી લગભગ ૯૦ પોઈન્ટના ઘટાડે બંધ રહી હતી.

શુક્રવારે નિફટીએ મહત્ત્વની સપાટી ૪૭૦૦ તોડી. ગુરુવારનો વેચવાલીનો દોર શુક્રવારે વધુ આક્રમક બની સપ્તાહ દરમ્યાનનો સૌથી વધુ એટલે કે ૧૨૭ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો હતો. શુક્રવાર દરમ્યાન લોકપ્રિય રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પણ ૧૦૦૦ ની અંદર બંધ રહ્યો હતો. નિફટીના મહત્ત્વના સૂચકાંકના બધા અંકોમાં ધબડકો જોવા મળેલ હતો.

શનિવારે ભારતીય શેર બજારમાં સ્પેશિયલ ટ્રેડીંગ સેશન રાખવામાં આવ્યું હતું. અને આ ટ્રેડીંગ સેશન દરમ્યાન નિફટી આંકમાં આંશિક સુધારો દર્શાવવામાં સક્ષમ રહી હતી.

આંતરરાષ્ટ્રીય બજારની સમીક્ષા કરીએ તો ડાઉ જોન્સ એશિયાના બજારામોં તેમજ યુરોપના બજારો સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી. ડાઉ જોન્સ તો મહત્ત્વની માનસિક સપાટી ૧૦,૦૦૦ ની નીચે ગગડી ગયો હતો. યુરોપિય દેશો બજેટની ખાધની જોગવાઈ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. પરિણામે યુરો જે યુરોપિયન દેશોનું નાણું છે તેમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ હતો. સાર્વત્રિક વેચવાલીમાં એકમાત્ર ડોલર જે નોંધપાત્ર વધારો દર્શાવવામાં સફળ રહ્યો હતો.

વધુમાં ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ દ્વારા નાણાકીય વર્ષ૨૦૦૯-૧૦ની જીડીપી દરના અંદાજની આગાહી કરવામાં આવી તે મુજબ ભારતનો આર્થિક વિકાસ દર ૬.૭૫ ટકા રહેશે તેમ જણાવવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૦૧૧-૧૨મમાં પણ જીડીપી દરમાં વૃધ્ધિ થશે તેવી અપેક્ષાઓ દર્શાવવામાં આવી છે.

આઈએમએફએ દેશના ફુગાવા અંગેનો અંદાજ આપણાં જણાવેલ છે કે દેશમાં ફુગાવાનો દર ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં ૮.૧ ટકાની સપાટી પર પહોંચી થશે. આગામી વર્ષ દરમ્યાન આ દર ઘટીને ૫.૫ ટકા સુધી પહોંચે તેવી પણ શકયતાઓ જણાવવામાં આવેલ છે.

આવનાર વર્ષોમાં ખાનગી સેકટરમાં વપરાશ વધવાને કારણે કોર્પોસેકટરનો વિકાસ તો થશે જ, પરંતુ તે સાથે સાથે રોજગારીનો દર પણ વધશે તેવી પણ અગાહી કરવામાં આવેલ છે. આ બધું જોતાં જણાય છે કે હજુ પણ ભારતીય અર્થતંત્રનો પાયો ખૂબ જ મજબૂત છે અને નાણાકીય ખાદ્ય જે પણ હોય તે ચિંતાજનક નથી. અત્યારે વિશ્વમાં માનસિક પરિબળ ઘવાયેલું છે. ભારતીય અર્થતંત્રમાં કોઈપણ નબળાઈ નજીકનાં સમયમાં જોવા મળેલ નથી. તદ્ઉપરાંત રેલબજેટ અને સામાન્ય બજેટ પણ નજીકમાં છે. તે જોતા બજારમાં ઘટાડો એ ખરીદવાની ઉત્તમ તક સમજવી જોઈએ. હા તબક્કાવાર ડીલીવરીબેઈઝ ખરીદી કરવાનું યાદ રાખવા જેવું ખરૂં.

અમારા માનવા મુજબ ઓઈલ માર્કેટિંગ કંપની, ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ બેંકિંગ સેક્ટરમાં તેજીનો નવો દોર ચાલુ થશે. ઉપરાંત આવતા સપ્તાહ દરમ્યાન નિફ્ટી માટે ૪૬૫૦નો એક મહત્ત્વનો ટેકો બની રહેશે. તેમજ ૪૮૭૦-૪૯૦૦ એક પ્રતિકારક સપાટી બની રહેશે.

## ૮મી ફેબ્રુઆરીથી ૧૧ મી ફેબ્રુઆરી સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૪૭૫૭)**
**સેન્સેક્ષ (૧૫૯૧૬)**
**તા. ૦૬.૦૨.૧૦**

અમોએ જણાવેલ કે જો કે ટેકનીકલી રૂખ હજુ નીચે તરફ છે પરંતુ નિમ્ન ગતિમાં આવેલ મંદ ગતિ દર્શાવી રહેલ છે કે બજાર નિમ્નગતિમાં મંદતા દાખવી રહેલ છે અને આવનાર દિવસોમાં બાઉન્સ માટેની તક શોધી રહેલ છે. ૪૮૦૦ ની સપાટી સ્થિર વિસ્તાર લાગે છે અને બજાર ૫૦૩૦ ની સપાટી હાંસલ કરી શકે.

બજારે ચાર ટ્રેડીંશ સેશન સુધી ૪૮૦૦ ની સપાટી જાળવી રાખી અને છેલ્લે તૂટ્યું અને ૪૬૭૩ના મજબૂત ટેકાના લક્ષાંક પાસેની નીચી સપાટી દર્શાવી.

બજારે એફ એન્ડ ઓ એક્ષપાયરી પછી આશ્ચર્યજનક રીતે મજબૂતાઈ અને સ્થિરતા દર્શાવી અને ૪૮૦૦ પોઈન્ટ ઉપર બંધ આપ્યો.

જો કે ટેકનીકલી રૂખ હજુ નીચે તરફ

### બજારનો રિવ્યૂ



**પ્રકાશ ગાબા**
**મો. ૯૩૨૨૨૧૦૯૦૭**
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

સાબૂત છે પરંતુ શોર્ટ ટર્મ ઈન્ડીકેટર્સ પણ તે ઓવર સ્ટ્રેચ્ડ થયેલ છે અને ૪૬૭૩ના મજબૂટ ટેકા પાસે બંધ આપેલ છે અને તેથી નીચેનો સ્ટોપલોસ આવેલ નથી પરંતુ જો બજાર ૪૭૦૦ ની સપાટી તોડી નાખશે તો હવે પછીની ધ્યાન રાખવા જેવી સપાટી છે ૪૪૯૯.

નિફટી માટેની ટેકાની સપાટી ૪૬૭૩-૪૪૯૯ અને મજબૂત પ્રતિકારક સપાટી ૪૯૩૦ છે.

સેન્સેક્ષનો ટેકો ૧૫૬૨૮-૧૫૪૦૦ છે. જયારે મજબૂત પ્રતિકારક સપાટી ૧૬૫૧૪ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૪૬૭૩ની સપાટી પર બજાર ટકી રહે ત્યાં સુધી હું લોંગ પોઝીશન જાળવી રાખવાની ભલામણ કરૂં છું.

**તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે**
**MIDCAP - MULTI BAGGER ટીપ્સ**
**માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on**
**www.theeagleinvestor.co.in**

**દેશમાં ફુગાવાનો દર ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં ૮.૧ ટકાની સપાટી પર પહોંચી થશે. આગામી વર્ષ દરમ્યાન આ દર ઘટીને ૫.૫ ટકા સુધી પહોંચે તેવી પણ શકયતાઓ છે**

## નિફ્ટી ફ્યુચર ૪૬૪૬ નીચે બે દિવસ બંધ આવતા ૪૩૮૦ તરફ

**નિફ્ટી ફ્યુચર બંધ : ૪૭૦૯** ૪૭૫૮-૪૭૯૬-૪૮૩૭ના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૪૮૭૩ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૪૬૭૦, ૪૬૪૮નો આંક આવશે. ત્યાં આગળ ૪૬૩૦, ૪૬૪૮ એ મહત્ત્વનો સપોર્ટ છે. આ સપોર્ટ પૂરતો ઈન્ટ્રાડેના લેણ પેટે ૪૬૨૧નો સ્ટોપલોસ રાખવો. આ સપોર્ટ નજીકથી એક નાના ઉછાળાની શક્યતા રહેલી છે. પરંતુ આ સપોર્ટ તુટતા નિફ્ટી નીચે બે દિવસ બંધ આવતા વધુ ગાબડારૂપી ઘટાડો ૪૫૭૬, ૪૫૩૧, ૪૪૮૭, ૪૪૧૬ અને ૪૩૭૭નો આંક ઝડપથી જોવા મળે. ૪૬૩૦ થી ૪૬૪૮ નીચે બે દિવસ બંધ આવતા કોઈપણ પ્રકારની તેજીની રેલીની આશા હાલપૂરતી થોડા સમય માટે ખતમ થઈ જશે.

**એસીસી ફ્યુચર બંધ ભાવ : ૮૪૩** ૮૫૬-૮૬૮ના ઉછાળે ૮૮૯ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૮૨૪-૮૦૬-૭૭૬નો ભાવ જોવા મળે.

**ભેલ ફ્યુચર બંધ ભાવ : ૨૨૯૦** ૨૩૪૪-૨૩૭૧ના ઉછાળે ૨૩૯૪ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૨૨૨૪-૨૧૬૬- ૨૧૧૮નો ભાવ જોવા મળે.

**ડીએલએફ ફ્યુચર બંધ ભાવ : ૩૧૦૨** : ૩૨૦-૩૨૭ના ઉછાળે ૩૩૯ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૨૯૪-૨૮૮-૨૬૬નો ભાવ જોવા મળે.

**એચડીએફસી બેંક ફ્યુચર બંધ ભાવ : ૧૫૭૨** : ૧૫૮૮-૧૬૦૫ના ઉછાળે ૧૬૩૦ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૧૫૪૧-૧૫૦૩-૧૪૭૨નો ભાવ જોવા મળે.

**જીંદાલ સ્ટીલ ફ્યુચર બંધ ભાવ : ૬૧૦** : ૬૨૪-૬૩૬ના ઉછાળે ૬૫૪ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૫૮૪-૫૬૩-૫૪૧નો ભાવ જોવા મળે.

### ગોલ્ડન સ્પોટ

**મનીષ પટેલ**
**મો. ૯૯૦૯૯૭૩૪૩૧**
latish_patel@yahoo.co.in

**કોટક બેંક ફ્યુચર બંધ ભાવ : ૭૨૦** ૭૪૫-૭૬૨ના ઉછાળે ૭૮૦ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૬૮૧-૬૪૩- ૬૧૯નો ભાવ જોવા મળે.

**મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફ્યુચર બંધ ભાવ : ૯૭૮** ૧૦૦૫-૧૦૧૪ના ઉછાળે ૧૦૩૨ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૯૩૫-૯૦૬-

**અનુસંધાન ૨ પાને**

## બજેટ પહેલાં બજારમાં સુધારો આવશે છતાં ઘણું ચેતીને ચાલવા જેવું છે, આખા વર્ષનો નફો ૧૫ દિવસમાં અડધો થઈ ના જાય તેનું ધ્યાન રાખવું

### ગોલ્ડ માઈન

**મોના વકીલ**

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સુચકાંક શનિવારે ખાસ સેશન બાદ ૧૫૯૦૦ બંધ આવ્યો છે. ૧૫૦૦ થી ૧૮૦૦ પોઈન્ટના ઘટાડાએ બધાને ગભરાવી દીધા છે. આવું દર વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં થાય છે. ઈન્વેસ્ટરો પોતાના હિસાબ કીતાબમાં પડે છે. પણ સારા રોકડાના શેરો ધ્યાનમાં આવા વખતે રાખી શકાય.

ઈન્વેસ્ટર મિત્રો, ગયા અઠવાડીયામાં આખુ બજાર કડડભૂસ થયું છતાં, ઈશ્વરકૃપાથી અમારી ભલામણ કરેલી બંને સ્ક્રીપો વધીને આવી. તુલસીયાન નીકોન ૬૫ રૂા. વાળો શનિવારે ચાર દિવસમાં ૮૪ સર્કીટમાં બંધ રહ્યો છે. તથા ટેલબ્રોસ ઓટો ૪૯ વાળો વધી ૫૬ બંધ આવ્યો છે. આ ફંડામેન્ટલની જીત છે. જે અમે અવારનવાર જણાવીએ છીએ. અમે આગામી સમયમાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. ચમનલાલ શેઠીઆ એક્ષપોર્ટ**

**બીએસઈ કોડ. ૫૩૦૩૦૭** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૨૮ માં મળતો પરીછાપ રાઈસ એક્ષપોર્ટ કરતોઆ શેર તેના ફન્ડામેન્ટલને જોતા ધ્યાનમાં રાખી શકાય.

(૧) કંપનીએ ૩૧-૧૨-૦૯ના કવાર્ટરમાં ૧૫૮ ટકાનો ઉછાળો નફામાં બતાવી ૧ કરોડ ૯૦ લાખનો નફો બતાવ્યોછે. જે ઘણું સુંદર કહેવાય.

(૨) કંપની છેલ્લા૧૦ વર્ષથી નિયમિત ડીવીડન્ડ ચૂકવે છે છેલ્લે કંપનીએ ૧૫ ટકા ડિવિડન્ડ ચૂકવેલ.

(૩) પ્રમોટરોમાં સ્ટેક ૭૦ ટકા ઉપર છે. (૪) ગયા વર્ષ બધા કોમોડીટી સ્ટોક ચાલેલ તે જોતાં આ ભાવે અચુક લેવાય.

**૨. આઈઓએલ કેમિકલ :**

**બીએસઈ કોડ. ૫૨૪૧૬૪** થી બીએસઈ ખાતે લીસ્ટેડ કેમિકલ ક્ષેત્રની કંપનીએ ખૂબ સુંદર પરિણામો રજૂ કર્યા છે. કંપનીના ૧૦ રૂા.નો શેરનો ભાવ ૫૦ રૂા. છે.

(૧) ૩૧-૧૨-૦૯ના કવાર્ટરમાં કંપનીએ ૬૫૦ ટકાનો નફામાં ઉછાળો બતાવી ૬ કરોડ ૪૦ લાખનો નફો બતાવ્યો છે.

(૨) ૨૧ કરોડની કેપીટલ ઉપર વાર્ષિક ઈપીએસ ૧૦ થી ૧૧ ૩૧-૩-૦૯ના વર્ષ માટે આપી શકે.

કંપનીનું ભાવી મજબૂત જોતા નાની માત્રામાં લેવાય.

**૩. ઈન્ટરનેશનલ ટ્રાવેલ હાઉસ**

**બીએસઈ કોડ. ૫૦૦૨૧૩** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧૩૦ નો શેર ધરાવતી ૫ ગ્રુપની આ કંપની ઈન્વેસ્ટમેન્ટ માટે અતિ આકર્ષક છે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) આ કંપની પ્રખ્યાત આઈટીસી ગ્રુપ ની છે.

(૨) ભવિષ્યમાં ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ દિલ્હીમાં રમાવાની છે. અને આ કંપની ટેક્ષી બીઝનેસ તથા ઈન્ટરનલ ટ્રાવેલ સાથે સંકળાયેલ છે. જેથી તેને ખૂબ ફાયદો થશે.

(૩) સૌથી આકર્ષક તેનું ફન્ડામેન્ટલ છે. કંપનીએ ૮ કરોડની કેપીટલ ઉપર નફામાં ૧૭૩ ટકાનો ઉછાળો બતાવી ૪ કરોડ ૩૦ લાખનો નફો બતાવ્યો છે. જે અતિ આકર્ષક ગણાય. (૪) મેનેજમેન્ટનો સ્ટેક ઈક્વિટીમાં ૬૨ ટકા છે. આવા પ્રતિષ્ઠિત ગ્રુપની કંપનીઓમાં પીઈ હમેશા ઊંચા હોય છે. અને નામાંકિત મ્યુચ્યુઅલ ફંડો પણ આવા શેરોમાં રોકાણ કરતા હોય છે. એ બધું જોતા આ ભાવે અચુક લેવાય. દિવાળી સૂધી માં ૨૦૦ રૂા. થઈ શકે.

**બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર**
**ફક્ત માસિક રૂ. ૧૦૦૦**
**એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ**
**વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭**



## ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

**- નિશેષ જાની (મો) ૦૯૩૭૬૮૫૮૨૮૪, ૦૯૩૭૭૦૦૮૭૦૮**

**નમસ્કાર મિત્રો,**

**આ આર્ટીકલમાં અમે ટ્રેડીંગ માટે ટીપ નથી આપતા પણ ઈન્વેસ્ટમેન્ટ કરવા માટે આપેલ છે.**

**નીચે આપેલ બધી કંપનીમાં નિશેષ જાનીની ફેમિલી ઈન્વેસ્ટમેન્ટ ધરાવે છે.**

**સુઝલોન** :- હાલનો ભાવ ૭૦ છે. લાંબાગાળા માટે ૧૫૦નો ટાર્ગેટ છે.

**એમઆઈસી ઈલોક્ટ્રોનિક** :- હાલનો ભાવ ૪૫ છે. લાંબાગાળા માટે ૧૨૫ નો ટાર્ગેટ છે.

**રત્નમણી મેટલ** :- હાલનો ભાવ ૧૦૦ છે. લાંબાગાળા માટે ૨૦૦ નો ટાર્ગેટ છે.

**ઈએસએસ ડી એલ્યુમિનિયમ** :- હાલનો ભાવ ૩૬૮ છે. લાંબાગાળા માટે ૬૦૦ નો ટાર્ગેટ છે.

**નોવાર્ટીસ** :- હાલનો ભાવ ૫૨૦ છે. લાંબાગાળા માટે ૭૩૫ નો ટાર્ગેટ છે.

## નિફ્ટી ૪૭૧૭ ઉપર ટકી જાય તો ભયો ભયો નહીં તો બજારમાં "બ્લડ બાથ" જોવા મળશે

**શરદ કોટક**